**અગ્રતા ક્રમાંક : ૦૫ પ્રશ્ન ક્ર: ૬૧૭**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ)**

**“સરકારી ભરતીના પેપરો ફુટવા બાબત ”**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર)**

**પૂરક પ્રશ્ન (૧)**

પેપરલીક થતા અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શું પ્રયત્નો કરવામાં આવેલ છે ?

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

- પોલીસ ખાતા દ્વારા ગુપ્તરાહે / બાતમીદારો દ્વારા જરૂરી નીગરાની રાખવામાં આવે છે. ગત વર્ષે ગુજરાત રાજયમાં બહારના રાજયોની એક ગેંગ દ્વારા તલાટી ભરતીના પેપર ફોડવાનું કાવતરું કરવામાં આવેલ, ગુજરાત પોલીસને આગોતરા બાતમીદારો મારફતે જાણ થતાં એ.ટી.એસ. ગુજરાતની મદદ લઈને એક મોટા ષડયંત્રનો પર્દાફાશ કરીને આંતર રાજય ગેંગની ધરપકડ કરેલ હતી. જેમાં કુલ–૪૯ આરોપીઓની ધરપકડ કરેલ હતી. જેમાંથી ૧૨ આરોપીઓ રાજ્ય બહારના છે.
- રાજ્યના યુવાનોના ભવિષ્ય માટે રાજ્ય સરકાર ચિંતીત છે. જયારે પણ આવી કોઈ બાબત ધ્યાને આવે ત્યારે તાત્કાલિક કાનુની કાર્યવાહી કરવામાં આવે છે.
- ઓનલાઇન કે ઓફલાઇન પેપરલીકના ગુનાઓમાં અસરકારક કાર્યવાહી થઇ શકે તે માટે ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવા બાબત ) અધિનિયમ–૨૦૨૩ આ રાજ્ય સરકાર લાવી છે અને તેના અમલીકરણ માટે કટ્ટીબદ્ધ છે.

- આ કાયદાથી વિવિધ કલમો હેઠળ ૦૩ વર્ષથી ૧૦ વર્ષ સુધીની કેદ અને એક લાખ થી એક કરોડ સુધીના દંડની જોગવાઇ કરી છે.
- ભારત સરકાર દ્વારા પણ તાજેતરમાં જ આવા પેપર લીકના બનાવોની ગંભીર નોંધ લઇ The Public Examinations (Prevention of Unfair Means) Bill, 2024 નામનું વિધેયક તા.૦૬/૦૨/૨૦૨૪ ના રોજ લોકસભામા રજુ કરેલ હતુ જેની જોગવાઇઓ....
    - અયોગ્ય સાધનો અને અપરાધોનો આશરો લેનારી વ્યક્તિ/વ્યક્તિઓને 3 થી 5 વર્ષ સુધીની જેલ, 10 લાખના દંડની જોગવાઈ. દંડ ન ભર્યેથી સજા વધશે.
    - સંગઠિત ગુનાખોરી સાથે જોડાયેલા કેસમાં 5 થી 10 વર્ષ સુધીની જેલ અને ઓછામાં ઓછા 1 કરોડ રૂપિયાના દંડનો પ્રસ્તાવ મુકાયો છે.
    - સર્વિસ પ્રોવાઇડર સામે નિયમોના ઉલ્લંઘન માટે 1 કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. પરીક્ષાનો ખર્ચ પણ તેની પાસેથી જ વસૂલાશે.
    - આવા સર્વિસ પ્રોવાઇડર 4 વર્ષ સુધી જાહેર પરીક્ષા નહીં કરાવી શકે.
    - વિધેયકમાં સંગઠિત જૂથ, માફિયાને અસરકારક રીતે નશ્ચત કરવાની જોગવાઈ છે. તેઓ સાથેની સાંઠગાંઠ જણાશે તો સરકારી અધિકારીઓને પણ છોડવામાં નહીં આવે.
- ભારત સરકારનું વિધેયક યુ.પી.એસ.સી., રેલ્વે, બેન્ક, સ્ટાફ સિલેક્શન કે અન્ય કેન્દ્રીય ભરતી એજન્સીની ભરતીને લાગુ પડે છે.